૧૫, જુલાઈ, ૨૦૨૨

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ જીલ્લાના દેવગામ–ખીરસરા ખાતેની GIDC નો વ્યાપ વધારવા અંગે કલેકટરશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજય સરકાર દ્વારા રાજકોટના ઉદ્યોગોના સર્વાંગી વિકાસને ધ્યાને લઈ રાજકોટ જીલ્લાના દેવગામ–ખિરસરા ખાતે નવી GIDC ફાળવવામાં આવેલ છે. જે GIDC માત્ર ૯૧ હેકટરમાં જ પ્રસ્થાપીત થયેલ છે. અગાઉ રાજકોટ ચેમ્બરની માંગણી ૩૪૧ હેકટરમાં નવી GIDC ફાળવવાની હતી તે પરીપુર્ણ થયેલ નથી. જેના કારણે રાજકોટના ઔદ્યોગીક એકમોને ખુબ જ મુશ્કેલી પડી રહી છે.

હાલના ગ્લોબેલાઈઝેશનના જમાનામાં રાજકોટ શહેર ઔદ્યોગીક હબ હોવાને કારણે મોટી GIDC બનાવવી ખુબ જ જરૂરી છે. પરંતુ ૯૧ હેકટરમાં GIDC બને તે ખુબ જ નાની જણાઈ રહી છે અને હાલના ઉદ્યોગોના વિકાસને ધ્યાનમાં રાખતા GIDC નું ક્ષેત્રફળ આશરે ૫૦૦ હેકટરથી ઓછું હોવું જોઈએ નહી એવું અમારૂ સ્પષ્ટ માનવું છે. તેથી ઈન્ડસ્ટ્રીના વધતા જતા વ્યાપને ધ્યાનમાં રાખી રાજકોટ ખાતેની દેવગામ–ખીરસરા GIDC નો વ્યાપ વધારવો ખુબ જ જરૂરી છે. હાલ દેવગામ–ખીરસરાની સામે છાપરા ગામમાં ૧૦૦ હેકટર જેટલી ખરાબાની સરકારી જમીન આવેલ છે. તેમજ ૧૦૦ હેકટર ગૌચરની જમીન એવું અમારા ધ્યાનમાં આવેલ છે.

તેથી અગાઉ ૩૪૧ હેકટરમાંથી માત્ર ૯૧ હેકટરમાં જે GIDC બનતા ૨૫૦ હેકટર જેટલી જમીન ખાલી પડેલ છે તે અને ઉપરોકત છપરા ગામની ૧૦૦ હેકટર ખરાબાની અને ૧૦૦ હેકટર ગૌચરની તમામ જમીન GIDC માટે ફાળવી દેવગામ–ખીરસરા GIDC સાથે જોડી તેનો વ્યાપ આશરે ૫૦૦ હેકટર સુધી કરવા અમારી ભારપુર્વક માંગણી છે. જેથી કરીને રાજકોટના ઉદ્યોગકારોને મુશ્કેલી ન પડે અને તેઓનો વિકાસ અટકે નહી. સાથો સાથ MSME ને આનાથી ઘણો ફાયદો થશે અને એન્જીનીયરીંગ સેકટર માટે રાજકોટ ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે ઉભરી આવશે.

વધુમાં રાજકોના ઉદ્યોગકારોના વિકાસને વેગ મળે અને MSME સેકટરને બુસ્ટ મળે તે માટે GIDC માં ૧૦ હજાર ચો.મી.ના પ્લોટ ઉદ્યોગકારોને રાહતદરે એટલે કે ૫૦% ના દરે આપવા બાબતે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ જીલ્લા કલેકટરશ્રી અરૂણ મહેશ બાબુ સાહેબ તથા રાજકોટ GIDC રીજીઓનલ મેનેજરશ્રી ઠકકર સાહેબ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.